સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ મંજૂર આંગણવાડી કેન્દ્રોની ૧,૦૪,૨૫૮ જગ્યાઓ ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/DRA/e-file/23/2022/0021/B1

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:**

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૧૪/૩૦૭/બ૧, તા.૨૮/૦૬/૨૦૨૨

//ઠરાવ//

વંચાણે લીધા (૧) થી ૫૩૦૨૯ આંગણવાડી કેન્દ્રોની ૧,૦૪,૨૫૮ જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી. આ માનદ વેતનવાળી જગ્યાઓને વધુ એક વર્ષ ચાલુ રાખવાની બાબત વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ મંજુર ૫૩૦૨૯આંગણવાડી કેન્દ્રોની માનદ વેતનની નીચે મુજબની કુલ ૧,૦૪,૨૫૮ જગ્યાઓને નીચેની શરતોને આધિન તા.૨૯/૦૨/૨૦૨૪ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે:

| ક્રમ | જગ્યાનુ નામ | મંજુર થયેલ જગ્યા |
|---|---|---|
| ૧ | આંગણવાડી કાર્યકર | ૫૧૨૨૯ |
| ૨ | આંગણવાડી તેડાગર | ૫૧૨૨૯ |
| ૩ | મીની આંગણવાડી કાર્યકર | ૧૮૦૦ |
| કુલ | | ૧,૦૪,૨૫૮ |

**શરતો:**

1. એક થી ત્રણ વર્ષ સુધીની ખાલી હંગામી જગ્યાઓ એબેયન્સમાં મુકવાની રહેશે. એબેયન્સમાં રાખેલ જગ્યા નાણા વિભાગની પૂર્વ મંજૂરી વગર ભરી શકાશે નહીં.
2. ત્રણ વર્ષથી વધુ સમયથી ખાલી હંગામી જગ્યાઓના રદ્ કરવાના હુકમ કરવાના રહેશે.
3. વર્ગ-૪ સંવર્ગની રેગ્યુલર પગાર ધોરણની જગ્યાઓ ખાલી પડતા સા.વ.વિ.ના તા. ૦૧/૦૪/૨૦૧૦ ના ઠરાવ મુજબ આઉટ્સોર્સથી ભરવાની રહેશે.
4. આઉટસોર્સથી જગ્યાઓ ભરવા માટે નાણા વિભાગ કરકસર પ્રભાગની મંજૂરી મેળવવાની રહેશે.
5. જગ્યાઓના સંબંધમાં રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ કાર્યવાહી અનુસરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સચિવશ્રીની તા.૧૧/૦૪/૨૦૨૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

***e-signed***

(સતિષ પટેલ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
4. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
5. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર.
6. સર્વે તિજોરી અધિકારીશ્રી, જિ.
7. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, ...............................
8. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, ..........................
9. સર્વે નાયબ નિયામકશ્રીની વિભાગીય કચેરી, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ.
10. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, .................................
11. સર્વે પ્રોગ્રામ અધિકારીશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન, .....................
12. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ – વેબસાઈટ પર મુકવા સારુ.
13. સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ.

14. શાખા સિલેક્ટ ફાઈલ.